# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 2/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **કમોસમી વરસાદના પગલે ધરતીપુત્રોને શક્ય તમામ સહાય આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ**
2. **મહેસાણાના વડનગરમાં 15 કરોડ રૂપિયાના ખર્ચે દેશનો પ્રથમ વૃદાંવન ગૌચર પાર્ક બનશે.**
3. **રાજ્યભરમાં હવામાન વિભાગ દ્વારા 5 નવેમ્બર સુધી વરસાદની આગાહી.**
4. **આજે દેવઉઠી એકાદશી તુલસી વિવાહ સાથે દેવદિવાળી પર્વનો પ્રારંભ.**
5. **મહિલા ક્રિકેટ વિશ્વ કપની ફાઇનલમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# CM - VARSAD SUCHNA

રાજ્યમાં છેલ્લા બે દાયકાથી વધુના સમયમાં ન થયો હોય તેવો કમોસમી વરસાદ આ વર્ષે થયો છે, જેના કારણે ઊભા પાકને વ્યાપક નુકસાન થયું છે. આ અસાધારણ સંજોગોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર ખેડૂતોને મદદ આપવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  આ કમોસમી વરસાદ અને તેની વ્યાપકતાને જોતા, ખેડૂતોના હિતમાં મહત્વના આદેશો કર્યા છે. તેમણે મુખ્ય સચિવ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ને તાત્કાલિક સૂચના આપીને અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનનું પંચનામું કરવાની કાર્યવાહી શરૂ કરવા,

તેમજ  આ કામકાજ માત્ર ત્રણ દિવસમાંપૂર્ણ થાય, તેનો  અહેવાલ તુરંત રાજ્ય સરકારને આપવા સૂચના આપી છે

---

# ARJUN MODHVADIYA

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ પોરબંદર જિલ્લાના કમોસમી વરસાદથી અસરગ્રસ્ત વિવિધ ગ્રામીણ  વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લીધી અને ખેડૂતોના પાકમાં થયેલા નુકસાનનો ચિતાર મેળવ્યો હતો.

મંત્રીએ કુછડી, વિસાવાડા, ટુકડા, આંબારામા, મોઢવાડા, કિંદરખેડા, ફટાણા અને દેગામ,ખાભોદર સહિતનાં ગામોની મુલાકાત કરી હતી.

આ દરમિયાન મંત્રીએ ખેતરોમાં જઈ પાકની સ્થિતિનું નિરીક્ષણ કર્યું અને મગફળીના પાકોમાં થયેલા નુકસાન અંગે ખેડૂત પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી.

મંત્રીએ જણાવ્યું કે, કમોસમી વરસાદને કારણે ખેડૂતોને મુશ્કેલી પડી છે, પરંતુ રાજ્ય સરકાર ખેડૂતોની પડખે ઊભી છે અને તેમને કોઈપણ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી.

---

## PARSHOTTAM SOLANKI ON FARMER

રાજ્યભરમાં પડેલા માવઠાના વરસાદના કારણે અનેક વિસ્તારો અસરગ્રસ્ત થયા છે. ભાવનગર જિલ્લામાં વરસાદથી થયેલ નુકસાનીનો તાગ મેળવવા માટે મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી પરષોત્તમ સોલંકીએ શિહોર તાલુકાના કરકોલીયા ગામની મુલાકાત લીધી હતી. અને ખેડૂતોના ખેતરમાં થયેલા નુકસાનની વિગતવાર માહિતી મેળવી મેળવી હતી.

ખેડૂતો અને ખેતરની મુલાકાત લીધા બાદ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોને આર્થિક સહાય આપવા અંગેનો પત્ર મુખ્યમંત્રીશ્રીને લખ્યો છે. અને મુખ્યમંત્રી પણ પોતે આ બાબતે ચિંતિત છે.

---

# VRUNDAVAN GAUCHAR PARK

મહેસાણાના વડનગરમાં 15 કરોડ રૂપિયાના ખર્ચે દેશનો પ્રથમ વૃંદાવન ગૌચર પાર્ક બનશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આ પાર્કમાં વારસો-

સંસ્કૃતિ-પ્રવાસન-અર્થતંત્રનો સંગમ હશે. જે એક ગૌશાળા ઉપરાંત અત્યાધુનિક ગ્રામીણ પ્રયોગશાળા પણ બનશે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : કરણ પરમાર)

*રખડતી ગાયોની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાના ઉદ્દેશથી વડનગરના  અમરથોલ ક્ષેત્રમાં ગૌરીકુંડ નજીક વૃંદાવન ગૌચર પાર્ક બનાવાશે. આ પ્રોજેક્ટના નિર્માણ માટે નગર પાલિકા  , જિલ્લા અને રાજ્ય સ્તરે શહેરી વિકાસ વિભાગ દ્વારા કવાયત શરૂ કરી દેવામાં આવી છે. આ પાર્કમાં ગાયો માટે ગૌચરને અનુરૂપ ઘાસચારો અને પાણીની વ્યવસ્થા હશે તેમજ પશુઓની સ્વાસ્થ્ય સંભાળ માટે વેટરનરી હૉસ્પિટલ પણ બનાવાશે. પાર્કમાં મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું નિર્માણ અને ગાયોની સારી ઓલાદોના ઉછેરનો પણ પ્રયાસ કરાશે. આ તમામ પહેલથી વૃંદાવન ગૌચર પાર્ક એક પર્યટન સ્થળ પણ બનશે.*

*કરણ પરમાર પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ*

---

## WEATHER

રાજ્યભરમાં  હવામાન વિભાગ દ્વારા 5 નવેમ્બર સુધી વરસાદની આગાહી કરવામાં આવે છે. જેમાં હજુ આજે વરસાદ યથાવત રહેશે. આગામી બે દિવસ રાજ્યમાં છુટાછવાયા સ્થળે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. 5 નવેમ્બરથી વરસાદની શક્યતા નહિવત જોવા મળશે.

આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્મા

( બાઈટ હવામાન વૈજ્ઞાનિક -પ્રદીપ શર્મા )

રાજ્યભરમાં ગત મોડી રાત સુધી 112 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ધંધુકા અને પોરબંદરમાં 3 ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે લોધીકા અને સંખેડામાં 2 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

કલોલ, ગાંધીનગર, જસદણ, જામનગર, ભેંસાણ, માળિયા હાટિના, અમરેલી, મહુવા, ઘોઘંબા, ધરમપુર, ખંભાળિયા, તાલાલા અને વિરપુરમાં અડધા ઇંચથી પણ ઓછો વરસાદ પડ્યો છે.

---

## GOVERNMENT - FAIR PRICE SHOPS ASSOCIATION MEETING

રાજ્ય સરકાર અને વાજબી ભાવની દુકાનના એસોસીએશનનાં પ્રતિનિધિઓ વચ્ચે ગઈકાલે પડતર માંગણીઓ સંદર્ભે અન્ન , નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનાં વિભાગની કચેરી ખાતે બેઠક યોજાઇ. જેમાં દુકાનદારોની કુલ - ૨૦ માંગણીઓ પૈકી ૧૧ જેટલા મુદ્દા પર હકારાત્મક અભિગમ દાખવી વિભાગ દ્વારા સંબંધિત કચેરીઓ તેમજ જિલ્લા કક્ષાએ વહિવટી તંત્ર અને પુરવઠા તંત્રને લેખિતમાં સુચના અપાઈ છે.

ઉલ્લેખનીય છે કે નવેમ્બર માસનાં વિતરણ માટે નોંધપાત્ર સંખ્યામાં સસ્તા અનાજનાં દુકાનદારોએ ચલણ ભરવાની કામગીરી પુરી કરી છે.

નાગરિક પુરવઠા વિભાગ દ્વારા જાહેરહિત અને સાંપ્રત વાવાઝોડાની પરિસ્થિતિ ધ્યાને લઈ NFSA હેઠળ નોંધાયેલ 3 કરોડ પાંચ લાખ જેટલા લાભાર્થીનાં હિતને ધ્યાને રાખી બાકી રહેલા વાજબી ભાવના દુકાનદારોને તાત્કાલિક ધોરણે વિતરણ અંગે ચલણ સંબંધિત કામગીરી કરવા તથા નાણાની ભરપાઈ કરવા આગ્રહભર્યો અનુરોધ કરાયો છે.

---

# FCI GUJARAT – CHOKHA VITARN

કેન્દ્ર સરકાર ખુલ્લા બજાર વેચાણ હેઠળ ચોખાનું વેચાણ કરી રહી છે. જેમનાથી ભાવ સ્થિર થઈ શકે અને ગ્રાહકોને વાજબી ભાવે ચોખા મળી શકે. આ યોજના હેઠળ નાના ગ્રાહકો એકથી નવ ટન સુધી ચોખોની ખરીદી શકે છે.

આ અંગે FCI ગુજરાતના કમિશનર રમણલાલ મીણાએ વધુ માહિતી આપી હતી.

(બાઈટ- રમણલ મીણા FCI ગુજરાતના કમિશનર )

---

# DEVUTHI – PRABODHNI EKADASI

આજે કારતક સુદ અગિયારસ એટલે કે દેવઉઠી – પ્રબોધિની એકાદશી છે. આજના દિવસે ચાતુર્માસની સમાપ્તિ થાય છે. આજથી તુલસી વિવાહ સાથે દેવદેવાળીના પંચ પર્વનો આરંભ થાય છે.

શ્રીહરિ ચારમાસ બાદ જાગૃત થાય છે એ સાથે જ માનવ સમાજ શુભ પ્રસંગો, લગ્ન સમારંભોનું આયોજન કરે છે. પર્યાવરણને શુદ્ધ કરનાર, ધરતી લોકની સંજીવની સમાન તુલસીના પ્રતિકાત્મક રીતે ભગવાન વિષ્ણુ સાથેના વિવાહ થાય છે. મંદિરોમાં અન્નકુટ અને દેરાસરોમાં પટ્ટ દર્શનના આયોજન થાય છે. કારતક સુદ પૂર્ણિમાએ દેવદેવાળી પર્વ ઉજવવામાં આવે છે.

આજથી શરૂ થતી ગિરનારની લીલી પરિક્રમા આ વર્ષે બંધ રહેશે, પરંતુ સંતો પ્રતિકાત્મક પરિક્રમાથી આ પરંપારને જાળવી રાખશે.

---

# WOMEN-S-CRICKET-FINAL

ICC મહિલા ક્રિકેટ વિશ્વ કપની ફાઇનલ મેચમાં આજે ભારત દક્ષિણ આફ્રિકા સામે રમશે. નવી મુંબઈમાં ડૉ. ડી. વાય. પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે આ મેચ બપોરે 3 વાગ્યે શરૂ થશે.

ગુરુવારે નવી મુંબઈમાં રમાયેલી રોમાંચક સેમિફાઇનલ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 5 વિકેટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.જ્યારે ગુવાહાટીમાં રમાયેલી પહેલી સેમિફાઇનલમાં ઇંગ્લેન્ડને હરાવી દક્ષિણ આફ્રિકા ફાઇનલમાં પહોંચ્યું હતું.

---

# KUNVARJI BAVALIA

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં વિંછીયા તાલુકા પંચાયત કચેરી ખાતે અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં રાજકોટ જિલ્લાની વિવિધ આઈ.ટી.આઈ.માં ચાલતા કોર્ષ પ્રમાણે સ્ટાફ, વર્તમાન કોર્સમાં બેઠકો પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યાઓ, આઈ.ટી.આઈ.ની બિલ્ડિંગના બાંધકામ, એપ્રેન્ટિસ, સ્ટાઇપેંડ, હોસ્ટેલની સુવિધાઓ તેમજ સોલાર ટેકનિશીયન, ગર્વમેન્ટ સહિતના વિવિધ નવા કોર્સ શરૂ કરવા, વિદ્યાર્થીઓની માંગ, શોર્ટ ટર્મ કોર્ષ, ફક્ત મહિલાઓ માટે થતાં કોર્ષ, ઉદ્યોગોમાં વિદ્યાર્થીઓની માંગ અને

મળતા વેતન, ધો.૧૦ પછી વિદ્યાર્થીઓ આઈ.ટી.આઈ. તરફ વળવા માટે થતાં જાગૃતિ કાર્યક્રમો સહિતની બાબતો અંગે ચર્ચા કરાઈ હતી.

---

## POSTAL ETHLETIC TOURNAMENT

પોરબંદરમાં પ્રથમવાર 36મી ઓલ ઇન્ડિયા પોસ્ટલ એથ્લેટિક્સ અને સાઈકલીંગ ટુર્નામેન્ટનો શુભારંભ થયો છે.

પોસ્ટ માસ્ટર જનરલ, રાજકોટ વિભાગ તથા ગુજરાત પોસ્ટલ સર્કલ સ્પોર્ટ્સ બોર્ડ, ભારતીય ટપાલ વિભાગના સંયુક્ત આયોજને સરદાર પટેલ સ્પોર્ટ સંકુલ પોરબંદર ખાતે પ્રથમવાર 36મી ઓલ ઇન્ડિયા પોસ્ટલ એથ્લેટિક્સ અને સાઈકલીંગ ટુર્નામેન્ટ 2025-26 નો ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો.

---

## STATE LEVEL SWIMMING COMPETITION

રાજકોટના સરદાર પટેલ સ્નાનાગાર ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની તરણ સ્પર્ધામાં 943 સ્પર્ધકોએ ભાગ લીધો . રાજ્ય રમત ગમત સત્તામંડળ અને સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા 28 ઓક્ટોબરથી 1 નવેમ્બર દરમ્યાન આ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

વિવિધ શહેર અને જિલ્લામાંથી આવેલા સ્પર્ધકોએ સ્પર્ધામાં ભાગ લઈ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. જેમાં બહેનોની U-19 કેટેગરીમાં રાજકોટની વિહા જાનીને બે સુવર્ણ અને એક રજત ચંદ્રક જીત્યો હતો.

---